ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શારજાહથી ફ્લાઇટમાં ટ્રોલી બેગના તળિયે કાળા કાપડમાં ૪૯૫.૦૪ ગ્રામ ગોલ્ડ પેસ્ટ લપેટીને લાવ્યો

શારજાહથી આણંદ આવેલા વેપારી પાસેથી ૭૨.૨૮ લાખના સોનાની દાણચોરી ઝડપાઈ

કસ્ટમ્સે વોટ્સએપ ચેટ અને ડિજિટલ ડેટા જપ્ત કરી કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે સોનાની દાણચોરીનો પર્દાફાશ કરીને શારજાહથી આવેલા આણંદના એક પેસેન્જર પાસેથી રૂા. ૭૨.૨૮ લાખની કિંમતનું ૪૯૫.૦૪ ગ્રામ ગોલ્ડ પેસ્ટ જપ્ત કર્યું છે. આણંદમાં કાપડની દુકાન ધરાવતા અને પ્રથમ વાર શારજાહ ગયેલા મુસાફરે એક્સ-રે મશીનને થાપ આપવા ટ્રોલી બેગના તળિયે કાળા કાપડની અંદર ગોલ્ડ પેસ્ટ લપેટીને છુપાવ્યું હતું. જોકે, કસ્ટમ્સના આધુનિક એક્સ-રે સ્કેનર અને અધિકારીઓની તીક્ષ્ણ નજરે આ ચાલાકી પકડી પાડીને મુસાફરની કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડ કરી લીધી છે.

કસ્ટમ્સ દ્વારા અખાતી દેશોમાંથી આવતા મુસાફરોની ટ્રાવેલ હિસ્ટ્રી પર પણ નજર રાખવામાં આવી રહી છે. આ કડક ચેકિંગ દરમિયાન મોડી રાત્રે શારજાહથી અમદાવાદ આવેલી ફ્લાઇટ નંબર G૯-૪૧૮ ના પેસેન્જરોમાંથી આણંદના રહેવાસી મોઇન વોરા (રહે. આણંદ) નામના પેસેન્જર પર અધિકારીઓને શંકા ગઈ હતી.

જોકે, મુસાફરે શરૂઆતમાં ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો શંકાના આધારે મોઇન વોરા (રહે. આણંદ)ની ટ્રોલી બેગ અને ચેક-ઇન બેગેજને આધુનિક એક્સ-રે મશીનમાં સ્કેન કરવામાં આવતા ટ્રોલી બેગમાં કંઈક શંકાસ્પદ હોવાનું જણાયું હતું. કસ્ટમ્સ અધિકારીઓએ પૂછપરછ કરતાં પેસેન્જરે પોતાની પાસે કંઈ જ ન હોવાનો દાવો કર્યો હતો. પરંતુ કસ્ટમ્સ વિભાગને શંકા જતાં ટ્રોલી બેગને ભૌતિક રીતે ખોલીને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી.

આ તપાસમાં ટ્રોલી બેગના તળિયાના ભાગે તપાસ કરતા કાળા રંગના કાપડને કાપીને જોતાં અંદરથી ઓગાળીને બનાવેલી 495.04 ગ્રામ ગોલ્ડ પેસ્ટ મળી આવી હતી. પેસેન્જરે ગોલ્ડને ગાળીને પેસ્ટ બનાવી, કાપડ પર લપેટીને કન્સિલ કરી દીધું હતું અને ટ્રોલી બેગના તળિયે કાળું કાપડ જેમ હતું તેમ ગોઠવી ઉપર સામાન્ય કપડાં મૂકી દીધા હતા.

શારજાહથી આપેલું સોનું આણંદમાં આપવાનું હતું

ડિજિટલ પુરાવા જપ્ત તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આણંદમાં કાપડની દુકાન ધરાવતો મોઇન વોરા પ્રથમ વખત પોતાના સાળાને મળવા શારજાહ ગયો હતો. રિટર્ન ફ્લાઇટમાં તેના સાળાએ આ સોનું આપ્યું હતું અને આણંદમાં ડિલિવર કરવાની સૂચના આપી હતી. કસ્ટમ્સ વિભાગે આરોપીનો મોબાઇલ જપ્ત કરી વોટ્સએપ ચેટિંગ અને ડિજિટલ ડેટા મેળવી લીધો છે અને તેની કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

સાયબર ગઠિયાએ બનાવટી લિંક મોકલી ક્રેડિટ કાર્ડમાંથી રકમ સેરવી લીધી

વિદ્યાનગરના મહિલા પ્રોફેસર સાથે ૭૬ હજારની ઠગાઈ કરાઈ

ઇન્શ્યોરન્સ પોલિસીના એજન્ટ કમિશન રદ કરવાના બહાને નાણા ખંખેર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ નજીક બાકરોલ સ્થિત બંસરી પાર્કમાં રહેતા અને સરદાર પટેલ યુનિવર્સિટીના સોશિયલ વર્ક વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શિવાનીબેન દિનેશચંદ્ર મિશ્રા સાયબર ગઠિયાઓનો શિકાર બન્યા છે. ઈન્શ્યોરન્સ પોલિસીમાં એજન્ટનું કમિશન રદ કરાવવાના અને પોલિસી સ્કીમ બદલવાના બહાને ભેજાબાજોએ તેમના ક્રેડિટ કાર્ડ મારફતે ૭૬,૦૦૦ની સાયબર ઠગાઈ આચરતાં આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

બાકરોલમાં રહેતા પ્રોફેસર શિવાનીબહેન મિશ્રા પાસે મેક્સ લાઇફ ઇન્શ્યોરન્સની પોલિસી હતી, જેનું વાર્ષિક પ્રીમિયમ ૭૬,૦૦૦ ભરવાનું થતું હતું. ગત ૧૫ સપ્ટેમ્બરે અજાણ્યા શખ્સે ફોન કરી પોલિસીમાં એજન્ટને ૨૭ ટકા કમિશન મળી રહ્યું હોવાનું જણાવી તે રદ કરાવવા IRDA સમક્ષ બાબત મૂકવાની વાત કરી હતી. ત્યારબાદ તા. ૧૯ સપ્ટેમ્બરે ઝફર નામના શખ્સે ગ્રીવન્સ આઈડી આપી હતી. બીજા દિવસે બી.એન. મિશ્રા નામના શખ્સે ફોન કરી પોલિસી 'Ageas Federal Life Insurance'ની એફટીપી સ્કીમ હેઠળ ફેરવવા માટે પૂનમ ભારદ્વાજ નામની કથિત એજન્ટનો નંબર આપ્યો હતો.

આ કથિત એજન્ટ પૂનમ ભારદ્વાજે મેજિક સેવિંગ્સ પ્લાનનું કોટેશન મોકલી ચૂકવણી માટે એક લિંક મોકલી આપી હતી. પ્રોફેસરે આ વાત સાચી માની પોતાના ICICI બેંકના ક્રેડિટ કાર્ડ દ્વારા ૭૬,૦૦૦નું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. જોકે નાણાં કપાઈ ગયા બાદ પણ પોલિસી નંબર મળ્યો નહોતો. સત્તાવાર કસ્ટમર કેરમાં તપાસ કરતાં આવી કોઈ પોલિસી સિસ્ટમમાં નોંધાઈ ન હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં તેમણે સાયબર સેલમાં અરજી કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે ઝફર, બી.એન. મિશ્રા અને પૂનમ ભારદ્વાજ વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ડાકોરમાં પ્રેમ લગ્નની અદાવતમાં યુવક પર હુમલો

એક્ટિવાને બાઇક વડે ટક્કર મારી માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

ઠાસરા તાલુકાના કોટલિંડોરા-જેસાપુરા રોડ પર પ્રેમ લગ્નની જૂની અદાવત રાખીને એક યુવક પર હુમલો કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ઘટના સામે આવી છે.

ઉમરેઠ તાલુકાના ખોરવાડ ટીમલીયાપુરાના વતની અને હાલ ઠાસરાના જેસાપુરા ગામે મામાના ઘરે રહી ખેતીકામ કરતા ૨૧ વર્ષીય પીયુશકુમાર ઉર્ફે ભદો રાજેન્દ્રસિંહ ચૌહાણ ગત તારીખ ૨૬મીના રોજ સાંજે પોતાના એક્ટિવા પર કોટલિંડોરા ગામે પકોડી લેવા ગયા હતા. સાંજના આશરે પાંચેક વાગ્યે પકોડી લઈને કોટલિંડોરા-જેસાપુરા રોડ પર આવેલા ખેતર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોટલિંડોરાના પ્રદિપસિંહ કનુભાઈ ચાવડાએ મોટરસાયકલ લઈને નીકળી પીયુશકુમારના એક્ટિવાને ટક્કર મારી દીધી હતી. પીયુશકુમારના મામાના દીકરા અશ્વીનભાઈએ પ્રદિપસિંહની ભત્રીજી અંકીતા સાથે પ્રેમ લગ્ન કર્યા હોય, તેની અદાવત રાખીને પ્રદિપસિંહે ગાળો બોલી પાછળથી એક્ટિવાને લાત મારતા પીયુશકુમાર રોડ પર પડી ગયા હતા અને તેમને જમણા ઢીંચણ તથા પગના અંગૂઠાના ભાગે ઈજાઓ પહોંચી હતી. પીયુશકુમાર ઘરે પહોંચ્યા હતા અને ૧૧૨ નંબર પર કોલ કરતા પોલીસ આવી પહોંચી હતી. ડાકોર સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવ્યા બાદ યુવકે ફરિયાદ નોંધાવતા ડાકોર પોલીસે આરોપી પ્રદિપસિંહ ચાવડા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મનપા દ્વારા કશીભાઈ પાર્કમાં પ્રજાના ટેક્સના નાણાંનો ખુલ્લો વેડફાટ

અણઘડ વહીવટ : નડિયાદમાં ૭૦ લાખના ખર્ચે બનેલા પતરાના શેડ ધૂળ ખાતા થયા

રહેણાંક વિસ્તારમાં ગ્રાહકો વિના ધંધો ન ચાલતા વેપારીઓએ દુકાનોને માર્યા તાળાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

નડિયાદ મહાનગરપાલિકાના આયોજન વિહોણા નિર્ણયને કારણે પ્રજાના ટેક્સની માતબર રકમ પાણીમાં ગઈ છે. સરદાર ભુવનના વેપારીઓના પુનર્વસન અર્થે કશીભાઈ પાર્કમાં ૭૦ લાખના જંગી ખર્ચે બનાવવામાં આવેલા પતરાના શેડ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે.

નડિયાદ મનપા દ્વારા કોઈપણ પ્રકારના ટેકનિકલ કે વ્યાપારિક પાસાઓને ધ્યાનમાં લીધા વિના

આ શેડ ઉભા કરવામાં આવ્યા હતા. આ શેડ દુકાન કરતા સિક્યુરિટી કેબિન જેવા વધારે બનતા તેમાં વ્યવસાય કરવો વ્યવહારિક રીતે અશક્ય બની ગયો છે.

જે સ્થળે શેડ બનાવાયા છે તે ચારેબાજુ સોસાયટીઓથી ઘેરાયેલો શુદ્ધ રહેણાંક વિસ્તાર છે. બજાર જેવી ચહલપહલ કે લોકોની અવરજવર જ ન હોવાથી વેપાર કઈ રીતે વિકસે તેવો પ્રાથમિક વિચાર પણ મનપાના અધિકારીઓને ન આવતા તેમની વહીવટી અણઆવડત છતી થઈ છે.

શરૂઆતમાં આશા સાથે વેપાર શરૂ કરનારા વેપારીઓને ગ્રાહકોના અભાવે સતત નુકસાન વેઠવું પડ્યું હતું. આખરે વેપારીઓએ તમામ શેડ પર મોટા તાળાં મારી દીધા છે. હાલ આ બિનઉપયોગી શેડની સંભાળ માટે માત્ર સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે. મનપાના દિશાહીન આયોજન સામે પ્રજાના નાણાંનો વેડફાટ થતાં જવાબદારો સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

મોટી સંખ્યાડ : પ્રેમીયુગલનો મહીનદીમાં કુદી આપઘાત

પરિવારજનોએ લગ્ન કરવાની ના પાડતાં યુવક-યુવતીએ ભરેલું આત્યંતિક પગલું

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૭

આંકલાવ તાલુકાના ઉમેટા બ્રિજ નજીક મહીસાગર નદીમાં મંગળવારે વહેલી સવારે મોટી સંખ્યાડ ગામના પ્રેમી પંખીડાએ મોતની છલાંગ લગાવી આપઘાત કરી લેતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારજનોના વિરોધને કારણે માનસિક તણાવમાં આવી ગયેલા યુવક-યુવતીએ બ્રિજ પર બાઈક અને ચંપલ મૂકી નદીમાં ઝંપલાવ્યું હતું.

આંકલાવ તાલુકાના મોટી સંખ્યાડ ગામના ૨૦ વર્ષીય મહેશ ગણપતભાઈ સોલંકી અને ૧૯ વર્ષીય યુવતી વચ્ચે ગાઢ પ્રેમ સંબંધ બંધાયો હતો અને તેઓ એકબીજા સાથે લગ્ન કરવા માગતા હતા. જોકે, આ બાબતની જાણ થતાં બંનેના પરિવારજનોએ આ સંબંધનો વિરોધ કરી લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. મહીસાગર નદીમાં કૂદી પડ્યા હતા. ત્યાંથી પસાર થતાં વાહનચાલકોએ આ બનાવ જોઈ તુરંત આંકલાવ પોલીસને જાણ કરી હતી.

આ ઘટનાની જાણ થતાં જ આંકલાવ પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને સ્થાનિક તરવૈયાઓની મદદથી લાંબી શોધખોળ બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. પોલીસે મૃતદેહોનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલી આપ્યા છે તથા અપમૃત્યુની નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

'તું મારી સામે કેમ જુએ છે' કહી પતિ-પત્નીને ગડદાપાટુનો માર માર્યો

નડિયાદમાં રસ્તે ઊભેલા દંપતી પર એક્ટિવા ચાલકનો હુમલો

જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

નડિયાદ શહેરમાં કેનાલ રોડ પર પેટ્રોલ ખાલી થઈ જતાં રોડ પર ઊભેલા એક યુવક અને તેની પત્ની પર એક્ટિવા ચાલકે અચાનક હુમલો કરી ગડદાપાટુનો માર માર્યો હતો. હુમલાખોરે યુવકના હાથમાંથી મોબાઈલ છીનવી જમીન પર પછાડી તોડી નાખ્યો હતો અને દંપતીને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદના ડુમરાલ પરા વિસ્તારમાં રહેતા અને એન.વી. ડ્રગ્સ પ્રાઇવેટ લિમિટેડમાં નોકરી કરતા ૨૧ વર્ષીય વસંતભાઈ ભાવિનભાઈ પરમાર ગત તા. ૨૬ ઓક્ટોબરના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે પોતાની પત્ની હિમાનીબેનને કોલેજથી લઈને એક્ટિવા પર ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી એક્ટિવા લઈને પસાર થઈ રહેલા સચિનભાઈ ઠાકોર (રહે. સુંદરકુઈ, નડિયાદ) નામના શખ્સે વસંતભાઈ પાસે આવી તું મારી સામે કેમ જુએ છે તેમ કહી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. વસંતભાઈએ ગાળો બોલવાની ના પાડતાં સચિન ઠાકોર ઉશ્કેરાઈ ગયો હતો અને વસંતભાઈને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલાં તેમનાં પત્ની હિમાનીબેનને પણ આરોપીએ લાતો મારી હતી.

આ હુમલા દરમિયાન વસંતભાઈ સાળા સાથે ફોન પર વાત કરી રહ્યા હતા ત્યારે સચિન ઠાકોરે તેમના હાથમાંથી મોબાઈલ આંચકી જમીન પર પછાડી તોડી નાખી નુકસાન પહોંચાડ્યું હતું. હુમલો કર્યા બાદ આરોપી સચિન ઠાકોરે ફરીવાર મળશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી પોતાનું એક્ટિવા લઈને ફતેપુરા તરફ ભાગી છૂટ્યો હતો. આ મામલે વસંતભાઈ પરમારે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગ્રેડ-પે અને રજા પગાર સહિતની માગણી ઉઠી

ખેડા વન કર્મીઓ સીએલ પર ઉતરતાં કામગીરી ઠપ

પડતર માંગણીઓ ન સંતોષાતાં ૨૮મીથી અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૭

લાંબા સમયથી પડતર માંગણીઓનું નિરાકરણ ન આવતાં ઓલ ઈન્ડિયા ફોરેસ્ટ ઓફિસર્સ ફેડરેશનના રાજ્યવ્યાપી આંદોલનના સમર્થનમાં ખેડા જિલ્લા વન વિભાગના કર્મચારીઓ આજે માસ C.L. પર ઉતરી જતાં વન વિભાગની તમામ કામગીરી ઠપ થઈ ગઈ છે.

ખેડા જિલ્લાના વનરક્ષક, વનપાલ અને રેન્જર્સ સહિતના ફ્રન્ટ લાઈન સ્ટાફ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં સરકાર તરફથી કોઈ હકારાત્મક નિર્ણય લેવાયો નથી. અત્રે નોંધનીય છે કે, સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓ સંદર્ભે આંદોલન કરવામાં આવ્યા છે. ત્યારે વનકર્મીઓએ પણ પોલીસની જેમ સુરક્ષા ભથ્થું, ફિક્સેબલ પગારદારોને બેઝિક મુજબ રજા પગાર, ગ્રેડ-પેની વિસંગતતા દૂર કરવા તેમજ સુરક્ષા માટે આધુનિક સાધનો ફાળવવાની માંગ કરી રહ્યા છે.

જો આ પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ નહીં આવે, તો આવતીકાલે તા. ૨૮ ઓક્ટોબરથી ગાંધીનગર ખાતે અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચીમકી આપવામાં આવી છે. જેના કારણે જિલ્લામાં વન અને વન્યજીવ સંરક્ષણની કામગીરી પર વ્યાપક અસર પડવાની સંભાવના સેવાઈ રહી છે.

નવી જગ્યાએ તાત્કાલિક ચાર્જ સંભાળી લેવા આદેશ

ખેડા જિલ્લાના ૭ પીઆઈ અને ૨ પીએસઆઈની બદલી કરાઈ

કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ કરવા જિલ્લા પોલીસ અધિક્ષકનો હુકમ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૭

ખેડા જિલ્લા પોલીસ તંત્રમાં વહીવટી કારણોસર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ૭ બિન-હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર અને ૨ પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની તાત્કાલિક અસરથી આંતરિક બદલીઓ કરવામાં આવી છે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા તેમજ વહીવટી સરળતા ખાતર વિવિધ પોલીસ મથકોના અધિકારીઓની આ સાગમટે બદલી કરાઈ છે. બદલી પામેલા તમામ અધિકારીઓને નવી જગ્યાએ હાજર થઈ સત્વરે રિપોર્ટ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા પીઆઈ અને પીએસઆઈની બદલી પગલે સમગ્ર જીલ્લામાં મોટાપાયે ફેરફાર જોવા મળ્યા છે.

ખેડા જિલ્લામાં બદલી પામેલા પોલીસ ઈન્સ્પેક્ટરમાં આર. આઈ. સોલંકીને કપડવંજ ટાઉનથી કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશન, જી. એન. પરમારને એલ.આઈ.બી. શાખાથી વસો પોલીસ સ્ટેશન, એસ. એફ. ચાવડાને વસોથી કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન, વી. બી. વસાવાને એ.એચ.ટી.યુ. શાખાથી લીંબાસી પોલીસ સ્ટેશન, સી. એચ. પનારાને લીંબાસીથી માતર પોલીસ સ્ટેશન, જે. ડી. દેવડાને માતરથી ફાગવેલ પોલીસ સ્ટેશન (ફાગવેલ પોલીસ સ્ટેશન કાર્યરત ન થાય ત્યાં સુધી લીવ રિઝર્વ) અને બી. બી. ડાભાણીને લીવ રિઝર્વમાંથી એ.એચ.ટી.યુ. શાખામાં બદલી કરાઈ છે.

તેવી જ રીતે પોલીસ સબ-ઈન્સ્પેક્ટરમાં એન. એમ. બારોટને સાયબર ક્રાઇમથી આંતરસુબા પોલીસ સ્ટેશન, એમ. એમ. દેસાઈને આંતરસુબાથી કઠલાલ પોલીસ સ્ટેશન, બદલી કરવામાં આવી છે. આ બદલી પામેલા અધિકારીઓને જૂની જગ્યાએથી છૂટા થઈ નવી જગ્યાએ તાત્કાલિક ચાર્જ સંભાળી લેવા સૂચના અપાઈ છે.

આણંદ જિલ્લામાં ૩.૨૪ લાખથી વધુ સ્માર્ટ મીટર ઇન્સ્ટોલેશન કરાયા

સોજિત્રા તાલુકો સમગ્ર જિલ્લામાં અગ્રેસર, અનેક ગામોમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક હાંસલ

(પ્રતિનિધિ) આણંદ તા ૨૭

આણંદ જિલ્લામાં અત્યાધુનિક વીજ વ્યવસ્થા અને ગ્રાહક સુવિધાના ભાગરૂપે સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશનની કામગીરી અત્યંત વેગવંતી બની છે. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ ૩,૨૪,૫૧૨ સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવ્યા છે, જે નિર્ધારિત લક્ષ્યાંકના ૫૨.૫૬ ટકા જેટલી નોંધપાત્ર સિદ્ધિ દર્શાવે છે. આ આધુનિકીકરણ પ્રક્રિયામાં સોજિત્રા તાલુકો ૭૯.૯૧ ટકા કામગીરી સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમે રહ્યો છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થયેલી પ્રગતિ પર નજર કરીએ તો આંકલાવ તાલુકામાં ૭૨.૯૭ ટકા, બોરસદમાં ૬૪.૮૦ ટકા અને પેટલાદમાં ૫૫.૫૭ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ઉમરેઠ અને ખંભાતમાં પણ પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે.

સોજિત્રા તાલુકાના લિંબાલી, મેઘલપુર અને ડાલી જેવા ગામોએ ૧૦૦ ટકા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક હાંસલ કરીને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત ખણસોલ અને રુણજ જેવા ગામોમાં પણ કામગીરી પૂર્ણતાના આરે છે. સમગ્ર આણંદ જિલ્લામાં કુલ ૬,૧૭,૩૬૮ વીજ ગ્રાહકો પૈકી અડધાથી વધુ ગ્રાહકો હવે સ્માર્ટ મીટર ટેકનોલોજી સાથે જોડાઈ ચૂક્યા છે. ગત ૭ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન જિલ્લાના ૪૩ ગામોમાં શેરી નાટકો દ્વારા સ્માર્ટ મીટરના ફાયદા, પીએમ સૂર્યઘર યોજના અને વીજ બચત અંગે ગ્રામીણ જનતાને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્માર્ટ મીટર અપનાવનાર ગ્રાહકો માટે વીજ કંપની દ્વારા આર્થિક પ્રોત્સાહનો આપવામાં આવે છે. જે ગ્રાહકો પ્રીપેડ મીટરનો વિકલ્પ પસંદ કરે છે, તેમને વીજ ટેરિફમાં સીધું ૦૩ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, સૌર ઊર્જાના ઉત્પાદન સમયગાળા દરમિયાન વીજ વપરાશને પ્રોત્સાહન આપવા માટે સવારના ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીના વપરાશ પર સ્માર્ટ મીટર ધારકોને યુનિટ દીઠ ૬૦ પૈસાનું વિશેષ ડિસ્કાઉન્ટ પણ મળવાપાત્ર છે. આ વ્યવસ્થાથી ગ્રાહકોના માસિક વીજ બિલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

વીજ જોડાણ આપમેળે ચાલુ થવાથી હવે કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળી છે

ગ્રાહકોની સુવિધા માટે ખાસ 'સ્માર્ટ મીટર' મોબાઇલ એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે, જે ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે. આ એપ્લિકેશન દ્વારા ગ્રાહકો કોઈપણ સમયે પોતાના વીજ વપરાશની વિગતો લાઇવ જોઈ શકે છે અને પેમેન્ટ પણ કરી શકે છે. પેમેન્ટ કર્યા બાદ તુરંત જ વીજ જોડાણ આપમેળે ચાલુ થઈ જવાની સુવિધાથી ગ્રાહકોને હવે કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળી છે. તેમ મધ્ય ગુજરાત વીજ કંપની લી.ના સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનીયર કેતનભાઇ શાહ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225